# 'ચૌંકના મત':
## 'અસરાની સર'ની પાઠશાળાનો ગુરુમંત્ર

**સંગત સિતારોં કી**

★ સંજય છેલ



'કહાની મેં ઉન કે હિસ્સે મેં આયે છોટે-છોટે દ્રશ્ય,
ઉન છોટે છોટે જગહોં પર
ભરપૂર દિખને કી કોશિશ મેં
ઝ્યાદા ખિંચી ઉનકે ચેહરે કી માંસપેશિયાં,
ઉન્હોંને સપને સ્વપ્ન કા
વિકૃત યથાર્થ જિયા જીવન મેં....
વહ દર્શક સે નારાઝ થે
કિ વો સબ હંસતે હૈં
દેખકર ઉનકી એક હી ભંગિમા (ચેનચાળા) બાર-બાર''

કવિ યોગેશકુમાર ધ્યાનીની અસરાનીજીના મૃત્યુ બાદ લખેલ કવિતાનો આ અંશ વાંચીને તમને થશે એક કોમેડિયનની અંજલિમાં આવી ગંભીર કવિતા? હા, કારણ કે અસરાની માત્ર જોકર નહોતા.

છેક ૧૯૮૨-૮૩માં ગુજરાતી ફિલ્મ 'જુગલ જોડી'માં મારા પપ્પા (છેલ-પરેશ) કળા નિર્દેશક હતા ત્યારે હું બરોડા લક્ષ્મી સ્ટુડિયોમાં ગયેલો. ફિલ્મમાં નરેશ કનોડિયા ને અસરાનીની જોડી હતી. ત્યારે પહેલી વાર અસરાનીજીને નજીકથી જોયેલા. ગુજરાતી ભાષાને ચીપી ચીપીને સારી રીતે બોલાવા ખૂબ મહેનત કરતા. ત્યારે 'બાવર્ચી', 'ગુડ્ડી', 'ચુપકે ચુપકે', 'અભિમાન', 'શોલે'નાં પાત્રો કરતાં અલગ જ અસરાની જોયેલા. એક એક શબ્દનો અર્થ, ફિલ્મના નિર્દેશક સ્વ. અરુણ ભટ્ટને પૂછતાં ને પછી ફાંકડુ ગુજરાતી શીખીયે ગયેલા. ત્યારની શહેરી ગુજરાતી ફિલ્મોમાં અસરાની સ્ટાર હતા. અરુણ ભટ્ટની જ 'મા-બાપ' ફિલ્મમાં 'હું અમદાવાદનો રિક્ષાવાળો, ૯૯૯ નંબર વાળો..', ગીતમાં તો છવાઈ ગયેલા. વરસો બાદ એમણે 'અમદાવાદનો રિક્ષાવાળો' ફિલ્મ નિર્દેશિત પણ કરેલી. બહુ ઓછા જાણે છે કે બહુ ઓછા ભજવાતા, ઓછા ઓડિયંસ માટે મુંબઈના સિંધી નાટકોમાં પણ અસરાનીજી કામ કરતા ને નિર્દેશન આપતા-વિસરાતી ભૂલાતી સિંધી ભાષા માટે.

હું 'નસીબદાર' (જે અસરાનીજીની સુપરહિટ ગુજરાતી ફિલ્મ હતી) છું કે બાળપણથી ૨૦૦૪-૫ સુધી એમને વચ્ચે-વચ્ચે મળવાનું થતું. મારી 'ટીન એજ' અવસ્થાનો એક વધુ અનુભવ-૧૯૮૪-૮૫માં બોલિવૂડ કામદારોના લાભાર્થે બ્રેબોર્ન સ્ટેડિયમમાં ચેરીટી શો યોજાયેલો જેમાં અમિતાભ, જીતેન્દ્ર, રાજેશ ખન્ના, ધર્મેન્દ્ર, મિથુન, આર. ડી. બર્મન, લતાજી-આશાજી, કુમાર, સુનીલ દત્ત અને કિશોર કુમાર વગેરે અનેક મહાનુભાવોએ પર્ફોર્મન્સ આપેલું. એ શોનો સેટ મારા પપ્પા (છેલ-પરેશની જોડી)એ બનાવેલો. હું ૧૫-૧૬ વરસનો ને મારે આગળ જઈને શો જોવો હતો. ત્યારે મારા પપ્પાના કલાકાર મિત્રે પોતાની ખુરશી પાસે પહેલી રોમાં મને બેસાડ્યો. એ હતા અસરાનીજી. આખા શો દરમિયાન અસરાનીજીએ મને પાસે બેસાડીને ધ્યાન રાખ્યું ને એટલું જ નહીં સ્ટેજ પર જ્યારે કિશોરકુમાર નાચતા-ગાતા આવ્યા ત્યારે હું ઊછળી પડ્યો. અસરાનીજીએ મને સ્ટેજ ઉપર ચઢાવીને કિશોરદા સાથે હાથ મિલાવી આપ્યો. 'અસરાની સર' ખૂબ ઉષ્મા વાળા કલાકાર હતા.

જી હા- 'અસરાની સર' કારણ કે બોલીવૂડમાં ભલભલા સ્ટાર્સ એમને સર, ગુરુ કે માસ્ટરજી કહે છે કારણ કે પૂના ફિલ્મ ઈન્સ્ટિટ્યૂટમાં અભિનયના પ્રોફેસર હતા. અનેક કલાકારોને પર્સનલી પણ અભિનય શીખવાડેલો. આમ તો દાયકાઓથી મુંબઈમાં ચાલુ અનેક એક્ટિંગ સ્કૂલો ચાલે છે પણ અસરાનીજી એટલે વિશિષ્ઠ શિક્ષક કે માસ્ટર હતા કારણ કે અભિનય સિવાય કલાકારના વ્યક્તિત્વને માંજતા.

અભિનયની ખામીઓ સુધારતા, ખૂબીઓને વધારતા. સંજય દત્તની શરૂઆતની ખરાબ રીતે ડાયલોગ બોલવાની ક્ષતિને અસરાનીજીએ સુધારેલી. એક ફિલ્મી હીરોની 'ચાલ'માં સ્ટાઈલ જોઈએ એટલે પાતળા પગવાળા અનીલ કપૂરના 'સ્માર્ટ વોક' કે ચાલ પર અસરાનીજીએ ખૂબ મહેનત કરેલી.

તેઓ ગંભીર અદાકાર, ઊંડા ચિંતક અને અદ્ભુત વક્તા હતા. ૧૯૮૦-૯૦ના દાયકામાં કિશોર કુમાર, લતાજી, બપ્પીજીના જે મોટા મોટા દેશવિદેશમાં મ્યુઝિકલ શો થતાં ત્યારે આખા શોનું એંકર તરીકે મજેદાર સંચાલન અસરાનીજી કરતાં ને બે ગીતો વચ્ચે મિમિક્રી-રમૂજ કે ફિલ્મી કિસ્સાઓ સંભળાવીને હજારો પ્રેક્ષકોને જકડી રાખતા. એક વાર કલકત્તાના વિશાળ નેતાજી સુભાષ સ્ટેડિયમમાં કિશોરકુમાર ને બપ્પી લહેરીનો સહિયારો મ્યુઝિકલ કાર્યક્રમ હતો. બપ્પી લહેરીનાં ગીતો પછી કિશોરદાનો વારો હતો. બપ્પીના ૪-૫ ગીતો પછી લોકો 'બપ્પી-જા'...'બપ્પી-જા'ની બૂમો પાડવા માંડ્યા. જેમ જેમ બૂમો વધી એમ એમ બપ્પીદા વધુ મૂડમાં આવીને ગાવા માંડ્યા કારણ કે એમને લાગ્યું કે લોકો 'બપ્પીદા'...'બપ્પીદા' કહીને વધાવે છે! લોકો, કિશોર કુમારને સાંભળવા બેબાકળા થયેલા, ધમાચકડી મચી. હજારોની ભાગદોડમાં લોકોના જાન જઈ શકે. એંકર અસરાનીજી સમજી ગયા ને સ્ટેજ પર કિશોરદાને ખેંચીને 'બપ્પી બપ્પી રે બસ કરો ઓ બપ્પી' ગીત ગાયું- લોકો પાગલ થઈ ગયા કારણ કે પછી કિશોરદાએ 'કાંચી રે કાંચી રે' ગીત એમાં જોડીને ડાંસ કર્યો ને શો બચી ગયો. ગીત પછી અસરાનીજીએ કહ્યું,'માઈક ના છોડને કી આદત સિર્ફ નેતા કો નહીં અભિનેતા કો ભી હોતી હે. લીડર ઔર સિંગર સબ માઇક કે ભૂખે હૈં!'

એક જમાનામાં 'ફિલ્મફેર એવોર્ડ'ના શો અત્યાર જેવા નકલી કે બોરિંગ નહોતા. ત્યારે બહુ સન્માનપૂર્વક તબસ્સુમ કે અસરાની સંચાલન કરતા. વળી અસરાની અને સંજીવ કુમાર, મુંબઈની ચોપાટી પર નાળિયેરપાણી વેચનારા મલયાલી અને માલિશ કરવાવાળા બિહારીની અદભુત આઈટેમ પેશ કરતા.

અસરાનીજીએ 'ચલા મુરારી હીરો બનને' ફિલ્મ બનાવેલી જે સમયથી આગળ હતી અને ચાલી નહોતી. એમણે બીજી ૨-૩ ફિલ્મો પણ નિર્દેશિત કરેલી જેમાં જેકી શ્રોફને લઈને 'દિલ હી તો હૈ' અને 'રેખા-સૈફ'વાળી 'ઉડાન' ફિલ્મ હતી. બંને ફિલ્મને બનતાં વરસો લાગ્યાં ને ફિલ્મો નિષ્ફળ જતાં અસરાનીજી તૂટી ગયેલા. આમેય ૧૯૮૫ પછી સાઉથની રિમેક ફિલ્મોમાં લેખક-અભિનેતા કાદરખાનની વલ્ગર કોમેડી આવવા માંડી ત્યારે અસરાનીજી ખૂબ અકળાતાં ને અમુક ફિલ્મોમાં કાદરખાનના ચમચા જેવા રોલ પણ કર્યા પણ પછી અશ્લીલતાનો અતિરેક થયો ત્યાર પછી સાઉથવાળી ફિલ્મો બંધ કરી પણ કોમેડી કરવા અશ્લીલતાને શરણે કદી ના ગયા. ૨000 પછી પ્રિયદર્શન, ડેવિડ ધવનની અમુક ફિલ્મોમાં ફરી ચમકેલા. ૨00૪-૫માં મેં સલમાન ખાનની 'ક્યૂંકિ' ફિલ્મમાં સંવાદો-ગીતો લખેલા. એ ફિલ્મ પાગલખાના પર હતી. અસરાનીજીએ એક પાગલની ભૂમિકા એટલી સરસ ભજવેલી કે બીજા બધા જોતા રહેતા.

**અસરાનીજી એટલે વિશિષ્ઠ શિક્ષક કે માસ્ટર હતા કારણ કે અભિનય સિવાય કલાકારના વ્યક્તિત્વને માંજતા. અભિનયની ખામીઓ સુધારતા, ખૂબીઓને વધારતા**

એમાં પાગલ લોકો રેડિયો વગાડવા મ્યુઝિક સાંભળવા બળવો કરે છે. સલમાને ૩ પાનાનો સંગીત પર લાંબો સંવાદ એક સાથે એક જ શોટમાં બોલવાનો હતો.

સવારથી અસરાનીજીએ સલમાનને શીખવવા-યાદ કરવામાં ખૂબ મદદ કરેલી ને મને પણ ટેકો આપેલો જેથી સલમાન કંટાળીને સીન ટૂંકાવી ના નાખે.

એ શૂટિંગમાં રોજ રાત્રે પાર્ટીઓ થતી. અસરાનીજી રાજેન્દ્ર કુમાર, દિલીપ કુમાર અને ખાસ તો દેવ આનંદની મિમિક્રી કરીને અસલી કિસ્સા સંભળાવતા ત્યારે મહેફિલ ખીલી ઊઠતી.

ત્યારે મેં અસરાનીજી પાસે ફિલ્મલાઈનના ઉતાર-ચઢાવ માટે સલાહ માંગી. ત્યારે અસરાની સરે કહ્યું, વિવેકાનંદજી કહતે થે- જીવનમેં કુછ ભી હો જાયે 'ચૌંકના મત'- યે દો શબ્દ યાદ રખના. 20 ઓક્ટોબરે એમની પુણ્યતિથિ હતી. એક વર્ષ પહેલાં એમની વિદાય વેળાએ 'ચૌંકના મત' એ શબ્દો બુઠ્ઠા લાગેલા.

# નાગપુરથી વટવૃક્ષ સુધી:
## સંગઠનનાં મૂળમાં કઈ વિચારધારા?

**લાઈફ-ઓન**

★ ફાલ્ગુની આશર

આજે જ્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ૧૦૧ વર્ષનો થયો છે, ત્યારે ભારતીય રાજકારણ, સમાજજીવન અને વિચારધારાના ફલક પર તેની સફરનું મૂલ્યાંકન કરવું અનિવાર્ય બની જાય છે. કોઈ પણ સંગઠન એક સદી લાંબી સફર ખેડે અને માત્ર ટકી જ ન રહે, પરંતુ દેશની સત્તા અને વ્યવસ્થાને પ્રભાવિત કરવાની ક્ષમતા હાંસલ કરી લે, ત્યારે તે ઘટના માત્ર એક સંસ્થાકીય ઈતિહાસ પૂરતી મર્યાદિત નથી રહેતી, પરંતુ એક આખી સામાજિક-રાજકીય મનોદશાનો દસ્તાવેજ બની જાય છે. નાગપુરની ધરતી પર મુઠ્ઠીભર યુવાનો સાથે શરૂ થયેલો આ પ્રવાસ આજે વટવૃક્ષ કેમ બની ગયો અને તેના મૂળમાં કઈ વિચારધારા તથા કયા સામાજિક અસંતોષની આગ હતી, તે સમજવું આજના સમયની સૌથી મોટી બૌદ્ધિક જરૂરિયાત છે. ઈતિહાસનાં પાનાં પાછળ ફરીને જોઈએ તો સ્પષ્ટ થાય છે કે સંઘની સ્થાપના પાછળ માત્ર અંગ્રેજો સામેની રાજકીય લડાઈ નહોતી, પરંતુ ડૉ. કેશવ બલિરામ હેડગેવારની એ ચિંતા હતી કે માત્ર બ્રિટિશરો દેશ છોડીને જતા રહેવાથી ભારત સુરક્ષિત નહીં બની જાય.

તેમનું સ્પષ્ટ માનવું હતું કે જ્યાં સુધી હિન્દુ સમાજ અંદરથી સંગઠિત, શક્તિશાળી અને એકસૂત્રતામાં નહીં બંધાય, ત્યાં સુધી સ્વતંત્રતાની રક્ષા કેવી રીતે થશે? વીસમી સદીના ત્રીજા દાયકામાં જ્યારે ભારતીય સ્વતંત્રતા સંગ્રામ ચરમસીમાએ હતો, ત્યારે કોંગ્રેસની રાજનીતિ અને ખિલાફત આંદોલન જેવા પ્રવાહોથી ડૉ. હેડગેવાર જેવા નેતાઓનું મોહભંગ થવા લાગ્યું હતું. તેમને લાગ્યું કે ઉપરી રાજકીય આંદોલનો ક્ષણિક ઉત્સાહ પેદા કરી શકે છે, પરંતુ સમાજમાં રહેલી જાતિગત ખાઈઓ, અસ્પૃશ્યતા અને આંતરિક વિખવાદને દૂર કર્યા વિના રાષ્ટ્ર મજબૂત નહીં બની શકે. આ જ મંથનમાંથી ૧૯૨૫માં વિજયાદશમીના પવિત્ર દિવસે એક એવી સમાંતર સાંસ્કૃતિક પ્રયોગશાળાનો જન્મ થયો, જેણે સમય જતાં રાજકારણની ધરી જ બદલી નાખી. શરૂઆતના દિવસોમાં નાગપુરના શુક્રવાર વિસ્તારમાં ડૉ. હેડગેવારના ઘરમાં મળેલી બેઠકો અને સાંજની 'શાખા' નામની દિનચર્યાએ એક અનોખી કાર્યપદ્ધતિને જન્મ આપ્યો હતો. આ શાખા પદ્ધતિ કોઈ સામાન્ય વ્યાયામશાળા કે અખાડો નહોતી, પરંતુ યુવાનોના મનમાં શિસ્ત, સામૂહિક રીતે કામ કરવાની ભાવના અને વૈચારિક એકરૂપતા રોપવાની એક ટંકશાળ હતી. રવિવારની કસરતો અને ગુરુવાર-રવિવારે રાષ્ટ્રીય વિષયો પર થતી ચર્ચાઓએ એક એવી પેઢી તૈયાર કરી, જેણે પોતાનું આખું જીવન સંગઠનને સમર્પિત કરી દીધું હતું. રસપ્રદ વાત એ છે કે ૧૯૨૬માં જ્યારે સંગઠનનું નામ નક્કી કરવાનું હતું, ત્યારે 'જરીપટકા મંડળ' અને 'ભારત ઉદ્ધારક મંડળ' જેવા વિકલ્પો વચ્ચે લાંબી ચર્ચા બાદ 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ' નામ પર મહોર વાગી. આ નામે જ તેની આગામી સદીની દિશા નક્કી કરી દીધી હતી, પરંતુ આ સફર ક્યારેય વિવાદો કે સવાલો વગરની રહી નથી. ઈતિહાસકારો અને વિવેચકો હંમેશાં સવાલ ઉઠાવતા આવ્યા છે કે જ્યારે દેશ આઝાદી માટે 'ભારત છોડો' જેવાં મોટાં જનઆંદોલનો લડી રહ્યો હતો, ત્યારે સંઘે સત્તાવાર રીતે આવા સંઘર્ષોથી અંતર કેમ જાળવી રાખ્યું?

ગુરુજી એમ. એસ. ગોલવકરના સમયમાં પણ આ નીતિ યથાવત રહી. આ બાબતે ટીકાકારો માને છે કે બ્રિટિશરો સામેની પ્રત્યક્ષ લડાઈમાં સક્રિય ભાગ ન લેવો એ દેશભક્તિના માપદંડ પર ખરું ન ઊતરવા જેવું હતું. બીજી બાજુ, સંઘના સમર્થકોનો તર્ક હંમેશાં એવો રહ્યો છે કે તેમનો મૂળ ઉદ્દેશ્ય તત્કાલીન રાજકીય ક્રાંતિ લાવવાનો નહોતો, પરંતુ સમાજનાં મૂળિયાં મજબૂત કરવાનો હતો. તેમના મતે, આ પ્રકારનું સાંસ્કૃતિક નિર્માણ લાંબા ગાળે દેશની કાયાપલટ કરી શકે છે. આ બે અલગ-અલગ ધ્રુવો વચ્ચેની ચર્ચા ભારતીય લોકશાહીમાં આજે પણ અવિરત ચાલી રહી છે. સમય બદલાયો તેમ સંઘે પણ પોતાની રણનીતિમાં મોટા ફેરફારો કર્યા છે. એક સમય હતો જ્યારે સંઘને માત્ર એક રૂઢિચુસ્ત, હિન્દુવાદી અને રાજકારણથી થોડે અંશે દૂર રહેનારું સાંસ્કૃતિક સંગઠન માનવામાં આવતું હતું, પરંતુ આજે સ્થિતિ એવી છે કે દેશના સર્વોચ્ચ રાજકીય પદથી લઈને નીતિગત નિર્ણયો સુધી સંઘની વિચારધારાનો પ્રભાવ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ફેલાયેલો છે. ખાસ કરીને ટિયર-૨ અને ટિયર-૩ શહેરોથી લઈને ગ્રામીણ ભારત સુધી જે રીતે સ્વયંસેવકોનું નેટવર્ક ફેલાયું છે, તેણે ચૂંટણી વ્યવસ્થાપન અને લોકમત ઘડતરની વ્યાખ્યા જ બદલી નાખી છે. સ્વાભાવિક રીતે જ સવાલ થાય કે આટલી મોટી શક્તિનું રહસ્ય શું છે? તેનો ઉત્તર માત્ર રાજકારણમાં નથી, પરંતુ એ સામાજિક તાણાવાણામાં છે, જેણે પેઢી દર પેઢી પોતાના વિચારોને અતૂટ શ્રદ્ધા સાથે આગળ ધપાવ્યા છે. આજે જ્યારે આપણે સંઘના ૧૦૧ વર્ષના ઈતિહાસ તરફ નજર કરીએ છીએ, ત્યારે અહેસાસ થાય છે કે આ સંગઠને ભારતીય માનસ પર ઊંડી છાપ છોડી છે. વિવેચકો ભલે તેની પાયાની વિચારધારા કે ઈતિહાસના અમુક નિર્ણયો સામે વાંધા ઉઠાવતા હોય, પરંતુ આ વાતનો ઈનકાર કરી શકાય તેમ નથી કે કોઈ પણ બાહ્ય સરકારી કે રાજકીય હસ્તક્ષેપ વિના માત્ર કાર્યકરો અને સ્વયંસેવકોના બળે આટલું મોટું સંગઠન ઊભું કરવું અને તેને જીવંત રાખવું એ સંગઠનાત્મક કુશળતાનો અદ્ભુત નમૂનો છે. સંઘના ૧૦૧ વર્ષના દીર્ઘ ઈતિહાસમાં એવા અનેક વળાંકો આવ્યા છે, જેને સમજ્યા વિના આજના ભારતીય રાજકારણ અને સામાજિક તાણાવાણાને સંપૂર્ણપણે સમજી શકાય નહીં. આ સફર દરમિયાન સંઘે અનેક સામાજિક અને રાજકીય પડકારોનો સામનો કર્યો છે. ખાસ કરીને ૧૯૪૭ના ભાગલાનો સમય હોય કે આઝાદી પછીનાં શરૂઆતનાં દાયકાઓ, સંઘની કાર્યપદ્ધતિએ હંમેશાં બૌદ્ધિક ચર્ચાઓને જન્મ આપ્યો છે. આજના સમયમાં જ્યારે દેશ વૈશ્વિક મહાસત્તા બનવા તરફ આગળ વધી રહ્યો છે, ત્યારે સંઘનું નેટવર્ક ગ્રામીણ ભારતથી લઈને દેશના સર્વોચ્ચ નીતિનિર્માણનાં સ્તરો સુધી ફેલાઈ ચૂક્યું છે. સંઘની આ સફળતાનું સૌથી મોટું રહસ્ય તેની 'શાખા પદ્ધતિ' અને સમર્પિત 'સ્વયંસેવકો' છે, જેઓ કોઈ પણ ભૌતિક લોભ કે પદની અપેક્ષા વિના વર્ષો સુધી સંગઠન માટે કામ કરતા રહે છે.

આગામી દિવસોમાં આ સંગઠન સમક્ષ આધુનિક ટેકનોલોજી, બદલાતી યુવા પેઢી અને વૈશ્વિકીકરણના પ્રવાહો સાથે તાલ મિલાવવાનો મોટો પડકાર છે.

ઈતિહાસનાં આ પૃષ્ઠો માત્ર એક સંઘની ગાથા નથી, પરંતુ આધુનિક ભારતના સામાજિક અને રાજકીય ઉત્થાનનો અનિવાર્ય ભાગ છે. આગામી સમયમાં જ્યારે ભારત વૈશ્વિક સ્તરે પોતાની નવી ઓળખ બનાવી રહ્યું છે અને ટેકનોલોજીથી લઈને અર્થવ્યવસ્થા સુધીના બદલાવોમાંથી પસાર થઈ રહ્યું છે, ત્યારે સંઘની ભૂમિકા વધુ મહત્ત્વપૂર્ણ અને જવાબદારીભરી બની જાય છે. શું આ સંગઠન બદલાતા સમય સાથે વધુ સમાવેશી અને આધુનિક બની શકશે કે પછી પોતાની પરંપરાગત વ્યાખ્યાઓમાં જ ઘેરાયેલું રહેશે? આનો ઉત્તર તો આવનારો સમય જ આપશે, પરંતુ એટલું ચોક્કસ છે કે આધુનિક ભારતનો ઈતિહાસ સમજવો હોય તો સંઘના પ્રભાવને અવગણીને આગળ વધી શકાય નહીં. ઈતિહાસના આ અગાધ સમુદ્રમાં વિજયી થવું કે સંઘર્ષ કરવો, તે હવે પછીનાં પ્રકરણો નક્કી કરશે.



**સંઘની આ સફળતાનું સૌથી મોટું રહસ્ય તેની 'શાખા પદ્ધતિ' અને સમર્પિત 'સ્વયંસેવકો' છે, જેઓ કોઇ પણ ભૌતિક લોભ કે પદની અપેક્ષા વગર વર્ષો સુધી સંગઠન માટે કામ કરતા રહે છે**



# મજાની નાની નાની વાતો

**આંખની અટારી**

★ હેમુ ભીખુ

નાની વાતની વ્યાખ્યા થોડીક જટિલ છે. એમ ન કહી શકાય કે તેમાં ગંભીરતા નથી હોતી, એમ ન માની શકાય કે તેમાં ઊંડાણ ન હોય અને એમ પણ ન જણાવી શકાય કે તેમાં સાંદર્ભિક યથાર્થતા નથી હોતી. નાની વાતનો અનુભવ પણ મોટો હોઈ શકે. છતાં પણ એમ માનવામાં આવે છે કે 'નાની વાત' એટલે એવી વાત કે જેને નજરઅંદાજ કરી શકાય. એમ સમજવું કે નાની વાત એટલે મર્યાદિત શબ્દો નહીં, પણ હળવાશભરી, સચોટ તેમજ તત્કાલીન ઉપયોગી અભિવ્યક્તિ. નાની વાત ક્યારેક રમૂજ પણ વ્યક્ત કરી શકે. આ પ્રકારની રમૂજ ત્યારે જ જન્મી શકે જ્યારે કોઈ પણ પ્રકારના મોટા પરિણામની અપેક્ષા રાખ્યા વગર વ્યક્તિ તે ક્ષણમાં હાજર હોય. અહીં ભૂતકાળનું કોઈ પ્રભુત્વ ન હોય અને ભવિષ્ય માટે કોઈ અપેક્ષા ન હોય. નાની વાત મજાની ત્યારે જ બની શકે જ્યારે હૃદય ખુલ્લું હોય અને મન સાફ હોય, મન જ્યાં સુધી 'હવે શું' કે 'તેથી શું'માં ફસાયેલું રહે ત્યાં સુધી નાની વાતમાં મજા આવવી મુશ્કેલ છે. અહીં કશું જ સાબિત કરવાનું ન હોય કે સ્થાપિત કરવાનું ન હોય. અહીં કોઈને પ્રભાવિત કરવાનો આશય ન હોય કે અન્યથી પ્રભાવિત થવાની આવશ્યકતા ન હોય.

**નાની વાત મજાની ત્યારે જ બની શકે જ્યારે હૃદય ખુલ્લું હોય અને મન સાફ હોય, મન જ્યાં સુધી 'હવે શું' કે 'તેથી શું'માં ફસાયેલું રહે ત્યાં સુધી નાની વાતમાં મજા આવવી મુશ્કેલ છે**

અહીં માત્ર વ્યક્તિએ પરિસ્થિતિ સાથે જોડાયેલા રહેવું પડે અને ક્યારેક જાતને, અર્થાત્ અહંકારને, ભૂલવી પડે. મન જો તાણમાં હોય તો વાત નાની હોય કે મોટી, કંઈ ફેર ન પડે. જે વ્યક્તિ વર્તમાનમાં રહેતી હોય, કોઈ પણ પ્રકારના ભાર વિનાની હોય, લાગણીશીલ તેમજ ભાવુક હોય, એક પ્રકારની નિર્દોષતાને કારણે હળવાશભરી જિંદગી માટે જેને લગાવ હોય, દંભ તેમજ ગણતરીથી મુક્ત હોય, નિષ્પાપ તેમજ નિષ્કપટ હોય અને જેનો સ્વભાવ બાળક જેવો હોય, તે વ્યક્તિ નાની-નાની વાતોની મજા લઈ શકે. અન્ય તો એક પ્રકારની ગંભીરતા ધારણ કરી જીવન અને હાસ્યને મુશ્કેલ બનાવી દે. ઘણીવાર તો વ્યક્તિ પોતાની જાતને એટલી મોટી સમજી લે છે કે તે નાની વાત તથા તેના પ્રભાવથી દૂર રહેવાનો પ્રયત્ન કરે છે. નાની વાત તો નાની જ રહે, પણ વ્યક્તિ મોટી થઈ જાય. સાધારણ ચીજોનો અસાધારણ આનંદ ત્યારે જ સંભવી શકે જ્યારે વ્યક્તિ સાધારણ બનવા તૈયાર હોય.

ચા પીતી વખતે કપ ગરમ જણાય તેની પણ મજા હોય. હસી-મજાક વખતે એકદમ લાઈટ જતી રહે તેની પણ મજા હોય. ઊભા હોઈએ અને ઠંડા પવનની લહેર પસાર થઈ જાય તેની પણ મજા આવે. પહેલા વરસાદ પછી માટીની ભીની-ભીની સુગંધ પણ પુલકિત કરી શકે. ભૂલથી કોઈને ખોટું સંબોધન થઈ ગયું હોય તો પણ ક્યાંક હાસ્ય નીપજે. ક્યારેક કોઈના વાક્યનું કે તેની અદાનું પુનરાવર્તન કરીને હળવી ખુશી પ્રસરાવી શકાય. ચાલુ વરસાદે છત્રી નીચેથી હાથ બહાર કાઢવાથી પણ ખુશી પ્રાપ્ત થતી હોય છે. નાના બાળકની જેમ શાંત પાણીમાં પથ્થર ફેંકીને વર્તુળાકાર તરંગોને જોવાની પણ મજા છે. શાંતિથી પડછાયો જોતાં-જોતાં હલનચલન કરવાથી મન સકારાત્મકતાથી પ્રવૃત્ત રહી શકે. ઓફિસમાં બેઠાં-બેઠાં પેપરવેઈટ ગોળ-ગોળ ફેરવીને જોયા કરવાથી પણ મન એક પ્રકારે પ્રફુલ્લિત રહી શકે. સમૂહમાં બેઠાં હોઈએ ત્યારે કોઈ અગરબત્તી સળગાવે તો પણ બધાનાં મોઢાં પર સ્મિત આવી જાય. બે-ચાર વર્ષ પહેલાંનું શાળાનું પ્રગતિપત્રક પણ ખુશી આપી જાય, પછી ભલે ને તેમાં એક વાર ગુણાંક ઓછા આવ્યા હોય. જ્યારે પ્રતિભાવની જરા પણ અપેક્ષા ન હોય અને નાટકીય સ્વરૂપે ઈચ્છિત પ્રતિભાવ મળે, કે લાંબા સમય સુધી દબાવી રાખેલી ખંજવાળને ન્યાય આપવાની તક મળે, તો પણ જલસા રહી જાય.

ક્યારેક કોઈ ખભે હાથ મૂકીને લાગણીસભર બનીને 'થાકી ગયાં કે શું?' એમ કહે, કોઈ જૂના ગીતની પંક્તિ ગાઈને જૂનાં સંસ્મરણો યાદ કરાવે, ભૂતકાળની કોઈ મીઠી યાદ તાજી કરવા પાણીપૂરીની પ્લેટ લઈ આવે, વહેલી સવારે બાલ્કનીમાં બેઠાં હોઈએ અને કોઈ ગરમ ચાનો કપ લઈને આવે, પાછળથી આવીને કોઈ આંખે હાથ મૂકી દે, ગમતી વ્યક્તિનો અનપેક્ષિત સ્થળે અને સમયે ભેટો થઈ જાય, ક્યાંક વર્ષો પહેલાં ખોવાયેલી નાનકડી વસ્તુ મળી આવે, આકસ્મિક રીતે ટ્રાફિક ઓછો હોય અને દરેક ચાર રસ્તા પર ગ્રીન સિગ્નલ મળી જાય, પરપ્રદેશમાં તમારી માતૃભાષામાં બોલનાર કોઈ વ્યક્તિ મળી જાય, હોટલમાં જમવા ગયા હોઈએ ત્યારે કોઈ અંગત મિત્ર કે મિત્રસમૂહ નજરે ચડે–આવી કોઈ પણ નાનકડી ઘટના ઘટે તો પણ અનેરી મજા આવી જાય. આવી કેટલીક નાની-નાની વાતો જ્યારે એકત્રિત થાય ત્યારે આખો દિવસ મજાનો પસાર થાય. એ જરૂરી નથી કે મજા માટે ખર્ચ કરવો પડે; ખર્ચ વગરની મજાથી વધુ મજા પ્રાપ્ત થતી હોય છે. વર્તમાન સમયમાં માનવીએ ઘણા પડકારો ઝીલવા પડતા હોય છે. એકંદરે તેની જિંદગીમાં 'તાણ' રહે છે.

કેટલીક વાસ્તવિકતાઓ ડરામણી છે, પરિસ્થિતિ જટિલ છે, જિંદગી ઝડપી છે, સપનાં મોટાં છે, સમય ઓછો છે અને તે ઉપરાંત વિશેષ પ્રકારની અપેક્ષાઓને કારણે જવાબદારીઓનું ભારણ ખુશીની સંભાવનાઓને દૂર કરી દે છે. હવે તો ખુશ થવા માટે પણ પૈસા ખર્ચવા પડે છે. તેવા સંજોગોમાં જો માનવીને નાની-નાની વાતોમાંથી ખુશી પ્રાપ્ત થતી હોય તો તેનાથી વધુ ઈચ્છનીય બાબત અન્ય ન હોઈ શકે. સાંપ્રત સમયની એ જરૂરિયાત ગણાય કે માનવી નાની-નાની વાતોમાંથી ખુશી મેળવતાં શીખી લે.